દાખલ તારીખઃ- ૦૪/૦૧/૨૦૨૫

રજીસ્ટર તારીખઃ-૦૪/૦૧/૨૦૨૫

ફેંસલ તારીખઃ-૩૦/૦૩/૨૦૨૬

સમયગાળોઃ- વર્ષ- માસ- દિવસ

૦૧- ૦૨ - ૨૬

**મે. ભાવનગરના અધિક જિલ્લા ન્યાયાધિશ (કુ. આર. એ. નાગોરી)શ્રીની કોર્ટમાં, મુ.તળાજા.**

**રેગ્યુલર દિવાની અપીલ નં.૧/૨૦૨૫**

**આંક-**

**અપીલકર્તા (મૂળ અરજદારો)**

(૧) ઇલાબેન ભાનુશંકર ધાંધલ્યા તે નારણશંકર નંદરામ પનોતના પત્ની

ઉ.આ.વ.-૩૩, ધંધો-ઘરકામ

રહે.- મુ. પાદરી(ગો), તા.તળાજા, જિ.ભાવનગર.

(૨) નારણશંકર નંદરામ પનોત

ઉ.આ.વ.-૩૬, ધંધો-ખેતી

રહે.- દિહોર, તા.તળાજા, જિ.ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળાઃ-**

શ્રી સરકાર

**બાબતઃ-એચ.એમ.પી. નં.૩/૨૦૨૪ના કામે તળાજાના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજશ્રીએ તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ કરેલ હુકમ સામે હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૨૮ મુજબ અપીલ.**

**અપીલકર્તા તરફે : વિ.વ.શ્રી સી.બી.આસ્તિક, વિ.વ.શ્રી એ.પી.ચૌહાણ**

**સામાવાળા તરફે : વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણી**

**:: જજમેન્ટ ::**

**(૧)** અપીલકર્તા તરફે હાલની રેગ્યુલર દિવાની અપીલ તળાજાના મુખ્ય સિનિયર સિવિલ જજસાહેબશ્રીએ તેઓ સમક્ષની એચ.એમ.પી.નં.૩/૨૦૨૪ના કામે તા.૨૭/૧૧/૨૦૨૪નાં રોજ કરેલ હુકમ સામે દાખલ કરવામાં આવેલ છે અને તે દ્વારા મૂળ અરજદારોએ પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે કરેલ અરજી નામંજૂર કરતાં નામદાર ટ્રાયલ અદાલતના હુકમને આ અદાલત સમક્ષ પડકારવામાં આવેલ છે.

**(૨)** અત્રે એ નોંધનીય છે કે સદર કામે સરળતા ખાતર હવે પછી ''અપીલકર્તા'' નો ઉલ્લેખ ''અરજદાર'' તરીકે તેમજ ''તળાજાના મુખ્ય સિનિયર સિવિલ જજસાહેબશ્રીની અદાલત'' નો ઉલ્લેખ ''ટ્રાયલ અદાલત'' તરીકે કરવામાં આવેલ છે.

**(૩)** અરજદારોની અપીલની હકીકત એ મુજબ છે કે,

અરજદારોએ તા.૧૯/૦૩/૨૦૨૪નાં રોજ હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૧૩બી મુજબ પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે નામદાર ટ્રાયલ અદાલતમાં એચ.એમ.પી.નં.૩/૨૦૨૪થી અરજી દાખલ કરેલી. સદર અરજીના કામે આંક-૭થી અરજદાર નં.૧ ઈલાબેન ભાનુશંકર ધાંધલ્યા તે નારણશંકર નંદરામ પનોતના પત્નીનું સોગંદનામું, આંક-૮થી અરજદાર નં.૨નારણશંકર નંદરામ પનોતનું સોગંદનામું, અરજદારોના આધાર કાર્ડની નકલ, લગ્નની કંકોત્રી, લગ્ન અંગેના અસલ ફોટોગ્રાફ, લગ્ન વિચ્છેદ સંબંધે નોટરીશ્રી સમક્ષ પરસ્પર સંમતિથી ઘરમેળે કરવામાં આવેલ છૂટાછેડાનું લખાણ, પરચુરણ

ફોજદારી અરજી નં.૩૧/૧૮ સી.આર.પી.સી.ની કલમ-૧૨૫ મુજબની અરજી તથા તે નીચેના હુકમની નકલ વિગેરે રજૂ રાખી અરજીની હકીકતને સમર્થનકારી તમામ પુરાવા રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારો તરફે આંક-૯થી કલોઝીગ પુરશીસ રજૂ કરતાં, નામદાર ટ્રાયલ અદાલતે અરજીના કામે તા.૨૭/૧૧/૨૦૨૪નાં રોજ આંક-૧૦થી હુકમ કરી, અરજદારોની પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા અંગેની અરજી નામંજુર કરેલ છે, જેથી અરજદારોએ હાલની અપીલ દાખલ કરેલ છે.

**અપીલના કારણો:-**

(૩.૧) અરજદારોએ તેઓના લગ્ન થયેલ હોવાનુ સ્વીકારેલ હોઇ અને તે અંગેની હકીકત સોગંદનામાથી તેમજ લગ્ન ની કંકોત્રી, લગ્ન અંગેના અસલ ફોટોગ્રાફ, પરચુરણ ફોજદારી અરજી નં.૩૧/૧૮ સી.આર.પી.સી.ની કલમ-૧૨૫ મુજબની અરજી તથા તે નીચેના હુકમની નકલ વિગેરે દસ્તાવેજી પુરાવા રજૂ કરી, પુરવાર કરેલ હોવા છતાં નામદાર ટ્રાયલ અદાલતે અરજદારોના હિંદુ શાસ્ત્રોકત વિધિ મુજબ લગ્ન થયા છે તેવું સાબિત થતું નથી તેમ ઠરાવી, અરજદારોએ રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું યોગ્ય સ્વરૂપમાં મૂલ્યાંકન કરવામાં ભૂલ કરેલ છે.

(૩.૨) ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૫૮ મુજબ, સ્વીકૃત હકીકતોને પુરવાર કરવાની જરૂરિયાત રહેતી નથી. હાલના કામે અરજદારોએ તેઓના લગ્ન સ્વીકારેલ હોઇ અને તેઓની સોગંદ પરની જુબાનીમાં પણ તેઓના લગ્ન હિંદુ શાસ્ત્રોકત વિધિ મુજબ થયેલ હોવાનું જણાવેલ હોવા છતાં નામદાર ટ્રાયલ અદાલતે અરજદારોના લગ્ન વિધિપુર્વક થયેલ હોવાનું સાબિત થતું નથી તેમ ઠરાવી, મહત્વની કાયદાની ભૂલ કરેલ છે.

(૩.૩) હિંદુ લગ્ન અધિનિયમમાં છૂટાછેડા મેળવવા માટેની તકરારી અરજીઓ અને પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા અંગેની અરજીઓ સંબંધિત અલગ અલગ અને સ્પષ્ટ પ્રબંધો કરવામાં આવેલ હોવા છતાં નામદાર ટ્રાયલ અદાલતે સદર પ્રબંધોની જોગવાઇઓનું યોગ્ય સ્વરૂપમાં મૂલ્યાંકન નહી કરીને અરજદારોની પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા અંગેની અરજી નામંજુર કરી, મહત્વની કાયદાની ભૂલ કરેલ છે.

(૩.૪) નામદાર ટ્રાયલ અદાલતે અરજદારોને સુનાવણીની તક આપ્યા સિવાય પોતાની જાતે તકરારી ચુકાદામાં ટ્રાન્સફર પીટીશન નં.૨૦૪૩/૨૦૨૩ **''ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''** તથા ૨૦૧૯(૦) એઆઇજેઇએલ-એસસી ૬૫૨૯૪ **''રથનામ્મા વિરુધ્ધ સુજાથમ્મા''**ના ચુકાદા ટાંકી અરજદારોની અરજી રદ કરેલ છે. ખરી હકીકતે, સદર બંને ચુકાદાઓ લગ્ન થયા હોવાની હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ હોવાની હકીકત સંબંધિત કેસને લગતાં છે, જયારે અરજદારોની અરજી પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા અંગેની અરજી છે. જેથી, સદર હકીકત ધ્યાને લેતાં, સદર બંને ચુકાદાઓ પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટેની અરજીના કામે લાગુ કરી શકાય તેમ ન હોવા છતાં, નામદાર ટ્રાયલ અદાલતે સદર બંને ચુકાદાઓને આધાર રાખી, અરજદારો તરફે રજૂ લગ્નની કંકોત્રી, લગ્નના ફોટોગ્રાફ જેવા દસ્તાવેજી પુરાવાને અવગણી, અરજદારોના લગ્ન વિધિપુર્વક થયેલ હોવાનું પુરવાર થતું નથી તેમ ઠરાવી, અરજદારોની અરજી રદ કરી મહત્વની કાયદાની ભૂલ કરેલ છે.

**અપીલના કામે ગુજારેલ દાદઃ-**

(૩.૫) જેથી, અરજદારોની અપીલ મંજૂર કરી, એચ.એમ.પી.નં.૩/૨૦૨૪ના કામે નામદાર ટ્રાયલ અદાલતે તા.૨૭/૧૧/૨૦૨૪નાં રોજ આંક-૧૦થી કરેલ હુકમ તથા હુકમનામું રદબાતલ ઠરાવી, અરજદારો દ્વારા કરવામાં આવેલ હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૧૩બી મુજબ તા.૨૦/૦૨/૨૦૦૬નાં રોજ મુ.પાદરી(ગો), તા.તળાજા, જિ.ભાવનગર ખાતે હિંદુ શાસ્ત્રોકત વિધિથી થયેલ લગ્ન અન્વયે છૂટાછેડાના હુકમનામા સંબંધેની અપીલ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૪)** અપીલના કામે સામાવાળાને નોટિસની બજવણી કરવામાં આવતાં સામાવાળા વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે અને નામદાર ટ્રાયલ અદાલતનું સમગ્ર રેકર્ડ ધ્યાને લઇ અપીલના કામે યોગ્ય હુકમ કરવા અરજ ગુજારેલ છે.

**(૫)** અપીલના કામે અરજદાર તરફે આંક-૭થી લેખિત દલીલ રજૂ કરવામાં આવેલ છે. સદર લેખિત દલીલમાં અરજદાર તરફે એચ.એમ.પી.નં.૩/૨૦૨૪ના કામે રજૂ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની વિગતવાર ચર્ચા કરી, નામદાર

ટ્રાયલ અદાલતના હુકમના તારણો તથા કારણો સંબંધિત વિગતવાર રજૂઆત કરી, નામદાર ટ્રાયલ અદાલતે એચ.એમ.પી.નં.૩/૨૦૨૪ના કામે તા.૨૭/૧૧/૨૦૨૪નાં રોજ આંક-૧૦થી હુકમ કરી, અરજદારોની પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે કરેલ અરજી નામંજૂર કરતો ફરમાવેલ હુકમ કાયદાકીય અને હકીકતની મહત્વની ભુલ ધરાવતો હોઇ, તે રદ ફરમાવી અરજદારની અપીલ મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

**(૬)** સદર કામે અપીલ મેમોની હકીકત, અરજદાર તરફે રજૂ આંક-૭ની લેખિત દલીલ, નામદાર ટ્રાયલ અદાલતનું એચ.એમ.પી.નં.૩/૨૦૨૪નું સમગ્ર રેકર્ડ વિગેરે લક્ષમાં લેતાં, સદર અપીલના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-:: મુદ્દા::-**

(૧) શું વિદ્વાન ટ્રાયલ અદાલતે તેઓ સમક્ષની એચ.એમ.પી. નં.૩/૨૦૨૪ના કામે તા.૨૭/૧૧/૨૦૨૪નાં રોજ અરજદારોની અરજી નામંજુર કરતો આંક-૧૦થી ફરમાવેલ હુકમ હકીકત તેમજ કાયદાની પ્રસ્થાપિત જોગવાઇ વિરુધ્ધનો, ભુલભરેલો અને હસ્તક્ષેપ કરવા પાત્ર છે?

(૨) શું હુકમ?

**(૭)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો::-**

**મુદ્દા નંબર-(૧):-**

**(૮)** અત્રે એ નોંધનીય છે કે નામદાર ટ્રાયલ અદાલતે અરજદારોની પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે કરેલ અરજી નામંજૂર કરતા તેવા હુકમથી નારાજ થઇ અરજદારોએ હાલની અપીલ કરેલ છે. જેથી, સદર અદાલત પ્રથમ અપીલ અદાલત

હોઇ, અપીલના નિર્ણય દરમિયાન ધ્યાને લેવાના સિધ્ધાંતો તથા અપીલ અદાલતની સત્તા અને ફરજોની જોગવાઇ લક્ષમાં લઇ અપીલ અદાલતે અપીલનો નિર્ણય કરવાનો રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદામાં વખતોવખત પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, પ્રથમ અપીલ અદાલતે તેની સમક્ષ અપીલ દરમિયાન ઉઠાવવામાં આવેલ મુદ્દા અંગે પક્ષકાર તરફે રજૂ થયેલ તમામ પુરાવાનું પુનઃમૂલ્યાંકન કરી, સુસંગત કાનૂની સિધ્ધાંત તથા ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઇ, નામદાર ટ્રાયલ અદાલતનાં હુકમના કારણો અને તારણો યોગ્ય અને કાયદેસરના છે કે કેમ તે નિર્ણિત કરવાનું રહે છે.

**(૯)** જેથી, સદર અપીલનો નિર્ણય કરતાં પહેલા નામદાર ટ્રાયલ અદાલત સમક્ષ અરજદાર તરફે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવો જરૂરી બની રહે છે. નામદાર ટ્રાયલ અદાલત સમક્ષ એચ.એમ.પી. નં.૩/૨૦૨૪ના કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**અરજદાર તરફે રજૂ મૌખિક પુરાવોઃ-**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર નં.૧ ઇલાબેન ભાનુશંકર ધાંધલ્યા તે નારણશંકર નંદરામ પનોતના પત્નીનું સોગંદનામું | ૭ |
| ૨. | અરજદાર નં.૨ નારણશંકર નંદરામ પનોતનું પુરાવાનું સોગંદનામું | ૮ |

**અરજદાર તરફે રજૂ દસ્તાવેજી પુરાવોઃ-**

| અ.નં | વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | અરજદાર નં.૧ ઇલાબેન ભાનુશંકર ધાંધલ્યાના આધારકાર્ડની ખરી નકલ | ૪/૧ |
| ૨. | અરજદાર નં.૨ નારણશંકર નંદરામ પનોતના આધારકાર્ડની ખરી નકલ | ૪/૨ |
| ૩. | અરજદારોના લગ્નની કંકોત્રી (અસલ) | ૪/૩ |
| ૪. | અરજદારોના લગ્નનૌ ફોટોગ્રાફ (નંગ-૧) (અસલ) | ૪/૪ |
| ૫. | અરજદારો વચ્ચે થયેલ લગ્ન વિચ્છેદ યાને છુટાછેડાનો કરાર (ખરી નકલ) | ૪/૫ |
| ૬. | પરચુરણ ફોજદારી અરજી નં.૩૧/૧૮ની સી.આર.પી.સી.ની કલમ-૧૨૫ મુજબની અરજી તથા તે નીચેના હુકમની નકલ | ૪/૬ |

**(૧૦)** હવે, નામદાર ટ્રાયલ અદાલતે ફરમાવેલ તકરારી હુકમના કારણો અને તારણોનું અરજદાર તરફે રજૂ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કરી, નામદાર ટ્રાયલ અદાલતનો તકરારી હુકમ યોગ્ય અને કાયદેસરનો છે કે કેમ તે નિર્ણિત કરવાનું રહે છે.

**(૧૦.૧)** સદર હકીકત નિર્ણિત કરવા માટે નામદાર ટ્રાયલ અદાલતે એચ.એમ.પી. નં.૩/૨૦૨૪ના કામે આંક-૧૦થી ફરમાવેલ હુકમ વંચાણે લેવો જરૂરી બની રહે છે. નામદાર ટ્રાયલ અદાલતનો તકરારી હુકમ વંચાણે લેતાં, નામદાર ટ્રાયલ અદાલતે ૨૦૧૯(૦) એઆઇજેઇએલ-એસસી ૬૫૨૯૪ **''રથ્નામ્મા વિરુધ્ધ સુજાથમ્મા''**ના ચુકાદા તથા ટ્રાન્સફર પીટીશન નં.૨૦૪૩/૨૦૨૩ **''ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, અરજદારોના લગ્ન હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૭ મુજબ વિધિપુર્વક થયેલ હોવા જોઇએ તથા લગ્ન વિધિપુર્વક થયેલ હોવાની હકીકત સબળ અને માનવા લાયક મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરીને પુરવાર કરવાની જવાબદારી અરજદારના શિરે રહેલ હોવાનું નિરીક્ષણ કરેલ હોવાનું અને તેવા નિરીક્ષણને આધીન જયાં સુધી અરજદાર તરફે હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૭ મુજબ સપ્તપદીની અને અન્ય રીતરિવાજ મુજબની વિધિઓ કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી અરજદાર તરફે રજુ થયેલ લગ્નની કંકોત્રી તેમજ લગ્નના ફોટોગ્રાફ અરજદારોના ખરેખર લગ્ન થયેલ હોવાની હકીકત પુરવાર કરવા માટે પૂરતાં નથી તેમ ઠરાવી, **'ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''** ના ચુકાદા માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ, અરજદારો તેઓના લગ્ન વિધિપુર્વક થયેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોવાના તારણ ઉપર આવી અરજદારોની અરજી રદ કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે.

**(૧૦.૨)** જેથી, નામદાર ટ્રાયલ અદાલતના ચુકાદામાં **''રથ્નામ્મા વિરુધ્ધ સુજાથમ્મા''**ના ચુકાદા તથા ટ્રાન્સફર પીટીશન નં.૨૦૪૩/૨૦૨૩ **''ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત સંબંધે કરવામાં આવેલ નિરીક્ષણને આધીન અરજદારો તરફે રજૂ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, એચ.એમ.પી.નં.૩/૨૦૨૪ના કામે આંક-૭થી અરજદાર નં.૧ ઇલાબેન ભાનુશંકર ધાંધલ્યા તે નારણશંકર નંદરામ પનોતના

પત્નીનું સોગંદનામું તથા આંક-૮થી અરજદાર નં.૨ નારણશંકર નંદરામ પનોતનું સોગંદનામું રજૂ કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે. સદર સોગંદનામામાં અરજદારોએ તેઓના લગ્ન જ્ઞાતિના રીતરિવાજ મુજબ હિંદુ શાસ્ત્રોકત વિધિ મુજબ થયેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે. વધુમાં, અરજદારો તરફે માર્ક ૪/૩ થી તેઓના લગ્નની કંકોત્રી તેમજ માર્ક-૪/૪થી લગ્ન અંગેના અસલ ફોટોગ્રાફ રજૂ કરેલ છે. સદર પુરાવા બનાવટી કે ખોટી રીતે ઉભા કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી, અરજદારનો સદર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો હિંદુ લગ્ન અધિનિયમની કલમ-૭ના કાયદાકીય પ્રબંધોને આધીન લક્ષમાં લેતાં, અરજદારોના લગ્ન વિધિપુર્વક થયેલ હોવાની હકીકત પુરવાર થતી હોવાનું જણાઇ આવે છે. જેથી, અરજદાર તરફે રજુ થયેલ લગ્નની કંકોત્રી તેમજ લગ્નના ફોટોગ્રાફ અરજદારોના ખરેખર લગ્ન થયેલ હોવાની હકીકત પુરવાર કરવા માટે પૂરતાં ન હોવા સંબંધિત તેમજ **'ડોલી રાણી વિરુધ્ધ મનિષ કુમાર ચંચલ''** ના ચુકાદા માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ, અરજદારો તેઓના લગ્ન વિધિપુર્વક થયેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોવા સંબંધિત નામદાર ટ્રાયલ અદાલતનું તારણ હકીકત તેમજ કાયદાની પ્રસ્થાપિત જોગવાઇ વિરુધ્ધનું, ભુલ ભરેલું હોવાનું જણાઇ આવે છે. જેથી, નામદાર ટ્રાયલ અદાલતે સદર હકીકત તેમજ કાયદાની પ્રસ્થાપિત જોગવાઇ વિરુધ્ધના, ભુલ ભરેલ તારણને આધીન અરજદારોની અરજી નામંજુર કરતો આંક-૧૦નો તકરારી હુકમ કરેલ હોઇ, તેવો હુકમ હસ્તક્ષેપ કરવા પાત્ર હોઇ, મુદ્દા નંબર (૧)નો નિર્ણય હકારમાં ઠરાવી, મુદ્દા નંબર (૨) અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**— :: હુકમ :: -**

(૧) અપીલકર્તાની હાલની અપીલ મંજુર કરવામાં આવે છે. તળાજાના મે. મુખ્ય સિનિયર સિવિલ જજસાહેબશ્રીએ એચ.એમ.પી.નં.૩/૨૦૨૪ના કામે તા.૨૭/૧૧/૨૦૨૪નાં રોજ આંક-૧૦થી કરેલ હુકમ તથા હુકમનામું રદબાતલ જાહેર કરવામાં આવે છે.

(૨) અરજદારોના તા.૨૦/૦૨/૨૦૦૬નાં રોજ થયેલ લગ્નનો પરસ્પર સંમતિથી વિચ્છેદ થયેલ હોવાનું આથી જાહેર કરવામાં આવે છે. સદર લગ્ન વિચ્છેદ હુકમનામાની તારીખથી અમલી બનશે. સદર લગ્ન વિચ્છેદ એચ.એમ.પી.નં.૩/૨૦૨૪ની અરજીની શરતોને આધીન રહેશે.

(૩) પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૫) નામદાર ટ્રાયલ અદાલતનું રેકર્ડ સદર હુકમની નકલ સાથે પરત મોકલી આપવું.

આ હુકમ આજ રોજ તારીખ-૩૦ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.-૩૦/૦૩/૨૦૨૬
તળાજા.

(આર. એ.નાગોરી)
અધિક જિલ્લા ન્યાયાધિશ,
ભાવનગર, મુ. તળાજા.
**(જીજે૦૦૫૭૮)**